મહત્તમ : ૨૪.૬ ડીગ્રી
લઘુતમ : ૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૬૧ ટકા

ગાંધીનગર તાપમાન

ગાંધીનગરના સેકટર-૨૧ ખાતેના સચિવાલય જીમખાના ખાતે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ દ્વારા આયોજિત ઈન્ટર-બટાલિયન સ્વિમીંગ કોમ્પ્ટીશન ચાલી રહી છે. આ તરણ સ્પર્ધામાં એનડીઆરએફની તમામ બટાલિયનના ખેલાડીઓએ વિવિધ કેટેગરીમાં મોટી સંખ્યામાં ભાગ લીધો છે. શુક્રવારે આ સ્પર્ધાનું સમાપન યોજાશે.

નેશનલ હાઈવે નં-૮ ને પહોળો કરવાનું કામ બંધ કરવા અપીલ

વૃક્ષો કપાતા અટકાવવા માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈ વે નં.૮ ને પહોળો કરવા માટેની કામગીરીનો તંત્ર દ્વારા પ્રારંભ કરવામાં આવ્યો છે. જેને પગલે કેટલાક વૃક્ષોનું નીકંદન નીકળી જશે. ત્યારે હરીયાળો માર્ગ કે જે વીવીઆઈપી માટે ૧૨ કલાક બંધ રહે છે તેને પહોળો કરીને તંત્ર પૈસાનો બગાડ, કિંમતી જમીન અને અતિ કિંમતી હરીયાળીનો વિનાશ વેતરશે. ત્યારે આ માર્ગ પહોળો કરવામાં ના આવે તેવી રજુઆત ગાંધીનગરના પર્યાવરણ પ્રેમીઓ અને શહેર વસાહત મહામંડળ દ્વારા તંત્ર સમક્ષ કરવામાં આવી છે.

દેશભરમાં ગાંધીનગર શહેર ગ્રીન અને કલીન સીટી તરીતે જાણીતું હતું. હરીયાળા નગરમાં જયાં નજર કરો ત્યાં વૃક્ષો જ દેખાય તેવી પરિસ્થિતિ હતી. વિશ્વમાં પણ ગાંધીનગર ગ્રીન સીટી તરીકે જાણીતુ બન્યું હતું. ત્યારે તંત્ર દ્વારા નેશનલ હાઈવે નં.૮ ને પહોળો કરવાનું કામ શરુ છે. જેને પગેલ માર્ગની આડશરૂપ બનતા વૃક્ષોનું નીકંદન નીકાળી દેવામાં આવે છે. શહેરના જ માર્ગ પર હજજારો વૃક્ષોનું વાવેતર નગરજનો દ્વારા કરવામાં આવ્યું હતું ત્યારે જ માર્ગ વીવીઆઈપીઓની સેવા માટે બંધ પણ કલાકો સુધી રાખવામાં આવે છે તે માર્ગ મોટો કરીને રૂપીયાનો બગાડ, કિંમતી જમીન અને હરીયાળા પાટનગરને નુકશાન થતું તંત્ર દ્વારા અટકાવવામાં આવે તેવી લાગણી અને માંગણી શહેર વસાહત મહામંડળ અને પર્યાવરણ પ્રેમીઓની છે. કોઈ રાજયના પાટનગરમાંથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ પસાર થતા જ નથી. ત્યારે ગાંધીનગરમાં જ વૃક્ષો કાંપી માર્ગ પહોળો કરવા માટે વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. શાહપુર વાયા ઘ-૦ થી જે માર્ગ બનાવેલ છે તેને પહોળો કરી ટ્રાફિક ડાયવર્ટ કરવાનું આયોજન પણ તંત્ર દ્વારા વિચારવુ જોઈએ. જયારે હાલમાં સરખેજ માર્ગ પર વૃક્ષો કાપવાનું શરુ છે તેને તાત્કાલીક અસરથી અટકાવવું જોઈએ. ત્યારે શહેરમાંથી પસાર થતા નેશનલ હાઈ વે ને પહોળો કરવાનું કામ તંત્ર દ્વારા અટકાવવામાં આવે તેવી નગરજનોની, પર્યાવરણ પ્રેમીઓ અને ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ બુચની લાગણી અને માંગણી છે.

શનિવારે નાઈપરનો છઠ્ઠો પદવીદાન સમારોહ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના પાલજ ખાતેની નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ફાર્માસ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ (નાઈપર-એ) ખાતે તા. ૨૯મી ડિસેમ્બર શનિવારે બપોરે ૧ કલાકે સંસ્થાનો છઠ્ઠો પદવીદાન સમારોહ યોજાશે. આ સમારોહમાં મુખ્ય મહેમાન પદે એઈમ્સના ડાયરેકટર ડૉ. રણદીપ ગુલેરિયા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અતિથિ વિશેષ પદે બેંગ્લુરુની આઈઆઈએસસીના પ્રો.બિક્રમજીત બાસુ તથા નાઈપર અમદાવાદના ડાયેરકટર પ્રો. કિરણ કાલીયા ઉપસ્થિત રહેશે.

સિવિલમાં ફાયર સ્ટાફની નિમણુંક

એક ફાયર ઓફિસર અને ૩ ફાયરમેનની જગ્યા ભરાઈ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત મેડીકલ એજયુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજજારો દર્દીઓ વિવિધ રોગના આવે છે. મેડીકલ કોલજને પગલે આરોગ્યલક્ષી સુવિધા વધુ મળતા દર્દીઓનો ભારે ધસારો રહે છે. કેમ્પસમાં પાંચ માળની ઓપીડી અને આઠમાળની બિલ્ડીંગ ઉભી કરાઈ છે. તે ઉપરાંત તબિબિ વિદ્યાર્થીઓને રહેવા માટે પણ મોટી ઈમારતો કેમ્પસમાં બનાવાઈ છે. જેને પગલે ફાયર સેફટીની સુવિધા હોવી જરુરી છે. સમગ્ર સિવિલ કેમ્પસમાં આવેલી મોટી ઈમારતોમાં ફાયર સેફટીના સાધનો મુકવામાં આવ્યા છે. પરંતુ ફાયર સ્ટાફના અભાવને પગલે આગ લાગે ત્યારે કુવો ખોદવો પડે તેવી સ્થિતિ સર્જાય તેમ હતી. પરંતુ સિવિલ કેમ્પસમાં ફાયર ઓફિસર કે ફાયર મેન ન હતા. જેથી મહાનગર પાલિકા તંત્ર દ્વારા સિવિલ કેમ્પસને ફાયર સેફટી પ્રમાણપત્ર પ્રાપ્ત થયું ન હતું. જેથી મનપા તંત્ર દ્વારા સિવિલ તંત્રને ફાયર સુવિધા ઉભી કરવાનું કહેવામાં આવતા હાલ સિવિલ તંત્ર દ્વારા રોગી કલ્યાણ સમિતિ હેઠળ કરાર આધારીત ઓપન ઈન્ટરવ્યુથી ફાયર ઓફિસર અને ૩ ફાયરમેનની ભરતી કરાઈ છે. જેને પગલે આગામી દિવસમાં તમામ કેમ્પસમાં આવેલા ફાયર સેફટીના સાધનોની પણ ચકાસણી કરવામાં આવશે અને ફાયરની નવી ટીમ માટે કેમ્પસમાં અલાયદી બેઠક અને ફોનની પણ વ્યવસ્થા પણ ઉભી કરાશે. તેમજ ફાયરને લગતી નવી સામગ્રી પણ કેમ્પસમાં લાવવામાં આવે તેમ લાગી રહ્યું છે. ત્યારે આગામી સમયમાં પાંચ વર્ષ સુધી ન મળેલુ ફાયર સેફટીનું પ્રમાણપત્ર આગામી ટુંક સમયમાં મળી જશે તેમ સિવિલના અંતરંગ સુત્રો જણાવી રહ્યા છે. ત્યારે સિવિલ કેમ્પસમાં ફાયર ટીમની જરુરીયાત ઉભી થાય તે સમયે સિવિલનો ફાયર સ્ટાફ ખડેપગે સેવા માટે તૈયાર રહેશે.

સાંતેજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૭

જિલ્લામાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે પોલીસ અધિક્ષકની સૂચનાથી કડક ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે આજે વધુ એક નાસતા ફરતા આરોપીને એલસીબીની ટીમે પકડી પાડયો છે. એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે સાતેજ પોલીસ મથકના પ્રોહિબિશનના ગુનામાં નાસતો-ફરતો અમદાવાદ નો આરોપી હાલ અમદાવાદ વિમલ ચોકડી પાસે હાજર છે. જેના આધારે આરોપીને અમદાવાદ જઈને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગર એલસીબી પીઆઈ નિરજ પટેલની સૂચનાથી તેમની એક ટીમ નાસતા ફરતા આરોપીઓને શોધીને તેમને પકડી પાડવા માટે સક્રિય થયેલી છે. આજે એલસીબીની ટીમના એ.એસ.આઈ બળદેવભાઈ, કોન્સ્ટેબલ ભવાનસિંહ, સુરેન્દ્રસિંહ, રાજેન્દ્રસિંહ, જીતેન્દ્રસિંહ સહિતની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોસ્ટેબલ જીતેન્દ્ર ને બાતમી મળી હતી કે સાંતેજ પોલીસમથકના ચાલુ વર્ષના પ્રોહિબિશનના ગુનામાં અમદાવાદના ઓઢવ વિસ્તારના ગોકુલનગર ખાતે રહેતો એક આરોપી ધીરજ નારાયણ ચૌહાણ હજુ નાસતો ફરે છે. આ નાસતો-ફરતો આરોપી હાલ અમદાવાદના વિમલ ચોકડી, રાજેન્દ્ર પાર્ક, સોનીની ચાલી પાસે હાજર છે. આ બાતમીના આધારે એલસીબીની ટીમ અમદાવાદ સ્થળે પહોંચી ગઈ હતી અને આરોપીને સ્થળ પરથી દબોચી લીધો હતો. પકડાયેલા નાસતા ફરતા આરોપીને ગાંધીનગર એલસીબીની કચેરીએ લાવી પૂછપરછ કરતા તેણે સાંતેજના પ્રોહિબિશનના ગુનામાં વોન્ટેડ હોવાની કબૂલાત કરી હતી. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

રવિવારે નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ સ્થાપના દિન ઉજવશે

ગાંધીનગર, તા.૨૭

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગરના સ્થાપના દિન નિમિત્તે સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. પરિવારના સભ્યો, ડૉકટર્સ, નિષ્ણાત વકતા દ્વારા નૈસર્ગિક સ્વાસ્થ્ય જાળવણી અંગે નિદાન માર્ગદર્શન શંકા સમાધાનનો કાર્યક્રમ યોજાશે.

તા. ૩૦મી ડીસેમ્બરે અરવિંદ કેન્દ્ર સે-૨૩ ખાતે બપોરે ૨.૩૦ થી ૫ કલાક દરમિયાન કાર્યક્રમ યોજાશે. સ્થળ પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. કારોબારીની નિમણુંકની આવશ્યકતા હોવાથી સેવાભાવી સભ્યોએ હાજર રહેવા જણાવેલ છે.

આઈએનઆઈએફડી ગાંધીનગર ખાતે ક્રિસમસની અનોખા અંદાજમાં ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

આઈએનઆઈએફડી ગાંધીનગર અવનવા પ્રયોગો કરવા માટે જાણીતું છે એ પછી ડિઝાઈનને લાગતું હોય કે કોઈ તહેવારની ઉજવણીને લગતું. આઈએનઆઈએફડી ગાંધીનગરના વિદ્યાર્થીઓ કંઈક અનોખા અંદાજમાં રહેતા હોય છે. આ વર્ષે ક્રિસમસની પણ અનોખા અંદાજમાં ઉજવણી કરવામાં આવી જેમાં દરેક વિદ્યાર્થીઓ સાન્તા બન્યા હતા અને એક બાઉલ માં ૧૦૦ જુદી જુદી ગિફ્ટ્સના નામની ચિઠ્ઠીઓ મુકવામાં આવી હતી અને એકબીજાને બતાવ્યા વગર ગિફ્ટ આપવામાં આવ્યા હતા અને સાથે જ વિદ્યાર્થીઓ દ્વારા ક્રિસમસને લગતું ડેકોરેશન પણ કરવામાં આવ્યું હતું અને એ મુજબના ડિઝાઈન્સ પણ બનાવવામાં આવ્યા હતા.

આઈએનઆઈએફડી ગાંધીનગરના ડિરેક્ટર વિશાલ મકવાણાએ જણાવ્યું કે "આ રીતે જયારે વિદ્યાર્થીઓ દરેક સમયે કંઈક નવું કરે છે ત્યારે અમને ખુબ જ ગર્વ થાય છે અને આ વખતે જે રીતે બાળકો એ ડિઝાઈન્સ બનાવ્યા અને ડેકોરેશન કર્યું તે ખરેખર ખુબજ સરસ હતું અમે આ પ્રકારના સેલિબ્રેશન થકી બાળકોમાં રહેલા નવા ગુણોને શોધવાનો પ્રયત્ન કરતા હોઈએ છીએ અને અમને સફળતા પણ મળે છે."

સ્થાનિક રોજગારી અંગે સબંધિત વિભાગોનું સંકલન કરવા જાગૃત નાગરીક પરિષદની માંગ

ગાંધીનગર, તા.૨૭

રાજય સરકરાની વિવિધ સહાય સાથે ગુજરાતમાં સ્થપાતા નવા ઉદ્યોગોમાં સ્થાનિક રોજગારી આપવાના નિયમોનું યોગ્ય પાલન કરવામાં આવે તે માટે રાજયના મુખ્યમંત્રીના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવા જાગૃત નાગરીક પરિષદે માંગણી કરી છે.

ગાંધીનગર જાગૃત નાગરીક પરિષદની સંકલન સમિતિની ચિંતન બેઠક તાજેતરમાં જયોતિન્દ્રભાઈ દવે ના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં રોજગારીના પ્રશ્ન અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. પરિષદના એચ.બી.વરીયાએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા યોજાતા વાઈબ્રન્ટ ગુજરાત સમિટ દ્વારા સ્થપાતા નવા ઉદ્યોગોમાં સ્થાનિક રોજગારી આપવાનું સુનિશ્ચિત કરવામાં આવતું હોય છે. પરંતુ સબંધિત વિભાગ વચ્ચે સંકલનના અભાવે તેનું યોગ્ય મોનીટરીંગ થતું નથી. પરિણામે ઉદ્યોગો તેમજ સર્વિસ ક્ષેત્રે સ્થાનિક રોજગારીની અમલવારી યોગ્ય પ્રમાણમાં થતી ન હોવાનું સંભવિત છે. રોજગારી સાથે સંકળાયેલા ઉદ્યોગ અને પ્રવાસન, શ્રમ અને રોજગાર વગેરે વિભાગો દ્વારા સ્થાનિક રોજગારી અંગે વખતોવખત સંકલન બેઠકો યોજીને રોજગારીની ટકાવારી નક્કી કરવી જોઈએ. ભાનુપ્રસાદ પુરાણી, જયંતભાઈ ભટ્ટ, એસ.ડી.આર.મલિક, જયોતિન્દ્રભાઈ દવે સહિતના સભ્યોએ જણાવ્યું હતું કે સરકાર દ્વારા એપ્રન્ટીસોને નિમણુંક આપવાના ટાઉનહોલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજયના ઉદ્યોગો, જાહેર ક્ષેત્રો, અને સર્વિસ આપતા એકમોમાં ૮૫ ટકા સ્થાનિક રોજગારી આપવાની જાહેરાત કરી હતી તે આવકારપાત્ર છે. પરંતુ હવે આ અંગેનો કાયદો ઝડપથી પસાર થાય તે અત્યંત જરુરી બન્યું છે. આ બેઠકમાં નિરંજન ઓઝા, જીવણલાલ પરમાર, જે.જે.ત્રિવેદી, હસમુખભાઈ ઠાકર, ગુણવંતભાઈ ગોહેલ સહિતના સભ્યો હાજર રહ્યા હતા.

નવા કોબા ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાસેના નવા કોબા ગામે શ્રી રામજી મંદિર ખાતે તા. ૨૭મી ડિસેમ્બર શુક્રવારથી શ્રીમદ્ ભાગવત પારાયણનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સપ્તાહમાં કથાકાર તથા ટીવી કલાકાર મહેન્દ્ર મહારાજની વ્યાસપીઠે સંગીત તથા દૃષ્ટાંત સાથે ભાગવત કથાનું રસપાન કરાવાશે. શ્રીમદ્ ભાગવત પારાયણની પુર્ણાહુતી તા. ૨જી જાન્યુઆરીએ થશે. આજે આ ભાગવત પારાયણની પોથીયાત્રા સવાર ૧૦ કલાકે કિરણભાઈ જગાભાઈ કાન્તિભાઈ બારોટના ઘરે બારોટવાસથી નીકળી સભામંડપ પહોંચી હતી.

ભાટ પાસે સાબરમતી નદીમાંથી બે યુવાનોના મૃતદેહ મળ્યા

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર નજીક આવેલા ભાટ ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીમાંથી આજે બપોરના અરસામાં બે અજાણ્યા યુવાનોના તરતા મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આ મામલે અડાલજ પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને બંને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતકોની ઓળખ માટે કવાયત શરૂ કરી છે. મળતી વિગત મુજબ બંને મૃતક યુવાનોની ઉંમર આશરે ૩૦ થી ૩૫ વર્ષની છે. મૃતદેહની સ્થિતિ જોતા પોલીસનું અનુમાન છે કે ચાર થી પાંચ દિવસ પહેલા આ બંને યુવાનોનુ નદીમાં ડૂબી જવાથી મૃત્યુ થયુ હશે. બંને યુવાનોને મૃતદેહ ફોગાઈને વિકૃત થઈ ગયેલી હાલતમાં મળી આવ્યા હતા. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. બિનવારસી બંને મૃતક યુવાનની ઓળખવિધી માટે અડાલજ પોલીસે ગાંધીનગર જિલ્લા ઉપરાંત અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં ગુમ થયેલા યુવાનોની યાદી મંગાવી મૃતકની ઓળખ માટે ચક્રો ગતિમાન કર્યા છે. તે ઉપરાંત અમદાવાદ અને ગાંધીનગર પોલીસને આ મૃતદેહ ભાટ નદીમાંથી મળ્યા હોવાના મેસેજ સાથે બંને મૃતકોના વર્ણન અને પહેરેલા કપડા સહિતની માહિતી મોકલી તેમની હદ વિસ્તારમાં આવા કોઈ વ્યક્તિ ગુમ થયા છે કે કેમ તે જાણવા પણ કહેવામાં આવ્યું છે. જોકે મોડી સાંજ સુધી આ બંને મૃતક યુવાનોની ઓળખવિધિ થઈ શકી ન હતી.

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના સ્થાપના દિવસ નિમિત્તે ધ્વજવંદનની ઉજવણી

ગાંધીનગર, તા.૨૭

ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અને સેવાદળના સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

પ્રવકતા સી.જે. પરમારના જણાવ્યા પ્રમાણે ૨૮મી ડીસેમ્બર શુકવારના રોજ કોંગ્રેસ કાર્યાલય સેકટર-૨૨ ખાતે સવારે ૯.૩૦ કલાકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેર કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ, મહિલા કોંગ્રેસ અગ્રણીઓ, દરેક સેલના ચેરમેનો, યુવક કોંગ્રેસ, એનએસયુઆઈ અને સેવાદળના તમામ કાર્યકરોએ હાજરી આપવા જણાવાયું છે. ધ્વજવંદન કાર્યક્રમ શહેર પ્રમુખ ડૉ. કૌશિક પી. શાહના વરદહસ્તે કરવામાં આવશે.

વર્ષ ૨૦૧૭માં બેંકમાં જમા થયેલી રૂ.૫૦૦-૧૦૦૦ની નકલી નોટો અંગેનો ગુનો દાખલ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના સેક્ટર ૧૦ બી ખાતે આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ની મુખ્ય શાખામાં ફરજ બજાવતા કેશ ઓફિસર નરેશભાઈ નાથાભાઈ મકવાણાએ બેંકમાં કોઈ શખ્સો નકલી નોટો જમા કરાવી ગયા હોવાની પોલીસ ફરિયાદ નોંધાવી છે. નવાઈની વાત એ છે કે આ નકલી નોટ ગત વર્ષ ૨૦૧૭નાં જુન-જુલાઈ માસમાં જમા કરાયેલી હતી અને તે પણ સમગ્ર દેશમાં રદ થઈ ગયેલી રૂ.૫૦૦-૧૦૦૦ ની નોટો છે. બેંકમાં આવી ૮૪ નકલી નોટ જમા થઈ હોવાની ફરિયાદ હવે પોલીસને આપતા સે-૭ પોલીસે ગુનો દાખલ કરી એલસીબીને તપાસ સોંપી છે. બેંકનાં કેશ ઓફિસરે આપેલી ફરિયાદના આધારે ગત વર્ષ-૨૦૧૭માં જુન-જુલાઈ દરમિયાન રૂ. ૫૦૦ના દરની ૪ નોટ અને રૂ.૧૦૦૦ના દરની ૮૦ નોટ મળી કુલ ૮૪ નકલી નોટ કોઈ શખ્સો બેંકમાં જમા કરાવી ગયા છે. સે-૭ પોલીસે કેશ ઓફિસરની ફરિયાદના આધારે અજાણ્યા શખ્સો સામે દેશના અર્થતંત્રની વ્યવસ્થાને આર્થિક રીતે નુકશાન કરવાના હેતુથી નકલી ચલણી નોટ ફરતી કરવાનો ગુનો દાખલ કરી એલસીબીને તપાસ સોંપી છે.

ગુજરાત સાહિત્ય અકાદમી અને સંસ્કૃતિ સંસ્થા દ્વારા 'હું આત્મકથા છું' નાટક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં સંસ્કૃતિ સંસ્થા અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા 'હું આત્મકથા છું' નાટક પ્રસ્તુત કરવામાં આવશે.

સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશ પટેલના જણાવ્યા પ્રમાણે ૨૮મી ડીસેમ્બરના રોજ ટાઉનહોલ સેકટર-૧૭ ખાતે રાત્રે ૮.૧૫ કલાકે નાટક યોજાશે. આ કાર્યક્રમમાં રક્ષિત વસાવડા, હર્ષિત ઢેબર, હિતાર્થ ભટ્ટ, દેવર્ષ ત્રિવેદી અને ક્રિશ્ના પટેલ નાટકને પ્રસ્તુત કરશે. આ કાર્યક્રમમાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડયા ઉપસ્થિત રહેશે. સાથે સાથે મહામાત્ર ડૉ. અજયસિંહ ચૌહાણ, પરાગ શુકલ, ગગુભારાજ અને કલ્પેશ ભટ્ટે સૌ સભ્યો અને આમંત્રિતોને ગુજરાતી ભાષાના આત્મકથા લખાયાના ૧૫૧ વર્ષ નિમિત્તે રંગમંચ પર પ્રથમવાર એક સાથે પાંચ પાંચ વ્યકિતત્વ નર્મદ, મણિલાલ ત્રિવેદી, મોહનદાસ ગાંધી, ક.મા. મુનશી, ચંદ્રકાન્ત બક્ષીની આત્મકથાના અંશોનું મંચન મણવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

બનાસકાંઠાના ભૂલા પડેલા ગ્રામીણ વડીલને મદદ કરી માનવતાની મહેંક પ્રસરાવી...!!

સરકારી કામે આવેલા ૬૦ વર્ષીય વિયાભાઈ કોળીના ખિસ્સામાંથી પૈસા પડી ગયા : પૈસા શોધવાની લ્હાયમાં ભૂલા પડેલા વડીલને નાસ્તાની લારીવાળાએ વતનની બસમાં બેસાડયા

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પાટનગર હોવાથી રાજયના દૂર-સુદૂરના અંતરિયાળ વિસ્તારોમાંથી અનેક નાગિરકો પોતાના વહીવટીતંત્રના કામકાજને અનુલક્ષીને અહી આવે છે અને અહીના નવા-જૂના સચિવાલય કે ઉદ્યોગભવન અથવા અન્ય કોઈ સરકારી ભવનની મુલાકાત દરમિયાન પાટનગરના રસ્તાઓની આંટીઘુંટીમાં ભુલા પડી પણ જાય તેવા કિસ્સા બનતા હોય છે. આજે એવા જ એક કિસ્સામાં નવા સચિવાલય ખાતે છેક બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના લિલાધર ગામના ૬૦ વર્ષીય વડીલ ગ્રામજન રેશનકાર્ડને લગતા કોઈ કામસર આવ્યા હતા જેમના ખિસ્સાના પૈસા કયાંક પડી ગયા તે શોધવાની મથામણમાં તેઓ ભૂલા પડયા હતા પરંતુ પાટનગરના એક સેવાભાવી અગ્રણીએ માનવતાના ધોરણે તેમની મદદ કરી તેમને વતનમાં જવા માટે બસમાં ટિકીટ અપાવી બેસાડી પ્રેરક ઉદાહરણ પુરુ પાડયુ હતુ.

બનાસકાંઠાના દિયોદર તાલુકાના લિલાધર ગામના ૬૦ વર્ષીય વિયાભાઈ રામાજી કોળી (ઠાકોર) આજે નવા સચિવાલય રેશનકાર્ડમાં તકલીફ અંગે કોઈ રજૂઆત કરવા કે તે પ્રકારના અન્ય કોઈ સરકારી કાર્ય માટે આવ્યા હતા. નવા સચિવાલય સંકુલમાંથી બહાર આવતા તેમને માલુમ પડયું કે તેમના ખિસ્સામાં જે પૈસા હતા તે કયાંક પડી ગયા છે. આ નાણા શોધવાની મથામણમાં તેઓ ભૂલા પડયા અને સચિવાલયના ગેટ નં.૪થી બહાર નીકળ્યા હતા પરંતુ કઈ દિશામાં જવુ તેની ખબર પડતી નહોતી. વળી, તેમને ભૂખ પણ લાગી હતી પરંતુ નાસ્તા માટે કે બસભાડા માટે પણ તેમના ખિસ્સામાં નાણા નહોતા વધ્યા એટલે ના છુટકે તેમણે આસપાસ ઉભેલા નાગરિકો પાસે મદદ માગવાનુ શરુ કર્યુ હતું. વિયાભાઈનો ગ્રામીણ મેલોઘેલો પહેરવેશ જોઈને ઘણા નાગરિકોએ ભિખારી સમજી ધુત્કારી કાઢયા પરંતુ આ દરમિયાન ગેટ નં. ૪ સામે પુરવઠા નિગમની ઓફિસ આગળ ચોળાફળીની લારી ચલાવતા તુલસીભાઈ માળીની નજર પડી અને એમણે વિયાભાઈને બોલાવી હકીકત જાણી હતી. તેમને વિયાભાઈની વાતમાં વિશ્વાસ જણાતા તેમને નાસ્તો કરાવ્યો હતો અને જાતે પોતાના વાહન પર વિયાભાઈને એસ.ટી. સ્ટેન્ડ લઈ જઈને દિયોદરની બસમાં બેસાડી તેની ટિકીટ પણ ખરીદી આપી હતી અને ત્યાંથી ગામ સુધી જવાના નાણાની મદદ કરી હતી. આમ તુલસીભાઈ માળી ચોળાફળીવાળાની માનવતાભરી મદદે ફરી સાબિત કર્યું છે કે ગાંધીનગર માત્ર રાજકારણીઓની રાજરમતનું જ શહેર નથી પરંતુ અહી પણ સંવેદનશીલ નાગિરકો વસવાટ કરે છે!

ચિરવિદાય

- સ્વ. સવિતાબેન હિંમતલાલ ઠાકર, ઉ.વ. ૯૫
- સ્વ. પ્રહલાદભાઈ ત્રિભોવનદાસ પટેલ, ઉ.વ. ૯૨